विद्यासु शीघ्रः


ગુજરાત કૉલેજ, અમદાવાદ.
(વિનયન અને વિજ્ઞાન)

# વિદ્યા વિકાસ

વાર્ષિક અંક-૮૦ એપ્રિલ-૧૯૯૪



## વિદ્યાર્થી પ્રતિનિધિ સભા : ૧૯૯૩-૯૪



અતિથિ વિશેષ માનનીય ડૉ. પ્રબોધકાન્ત પંડયા તથા આચાર્યાશ્રી સાથે

GUJARAT ARTS AND SCIENCE COLLEGE
SYDENHAM LIBRARY, AHMEDABAD

# વિદ્યા વિકાસ

## ગુજરાત વિનયન અને વિજ્ઞાન કોલેજ વાર્ષિક

## (૯૩-૯૪)

: સંપાદકો :

પ્રા. કુ. એ. એ. કવિ

પ્રા. સી. આર. દવે

પ્રા. ડૉ. કુ. વી. સી. લાખાણી

પ્રા. ડૉ. પી. કે. ઐયર

પ્રા. જે. ડી. સોની

પ્રા. આઈ. એ. માસ્ટર

શ્રીમતિ ડૉ. સી. એચ. ભટ્ટ

વર્ષ : ૮૦ અમદાવાદ એપ્રિલ : ૧૯૯૪

# અનુક્રમ


| | | |
|---|---|---|
| સંપાદકીય | ૧ | સંપાદકો |
| મહાવિદ્યાલયવૃત્ત | ૮ | ---- |
| પરિવાર પરિવર્તન | ૧૦ | ---- |
| મારી કોલેજ | ૧૭ | નરેન્દ્ર શ્રીમાળી |
| કોણ પૂછે છે ? | ૧૭ | મયૂર બાંભા |
| કલ્પના જગત | ૧૮ | વિક્ટર ફ્રિમેન |
| Mama : An Epitomy of Dedication And Service | 19 | Harmik D. Vaishvan |
| The Legacy of Ancestors | 20 | Harmik D. Vaishvan |
| Prof. S. S. Bhandarkar, the Man | 23 | Prof. V. V. Yardi |
| Dr. S. S. Bhandarkar As I Knew him | 25 | Prof. M. V. Rajadhyaksha |
| વાર્ષિક અહેવાલો | ૨૮ | ---- |



મુદ્રક : ગુજરાત પ્રિન્ટર્સ ૪/૨, દેશવાલી સોસાયટી બસ સ્ટેન્ડ સામે, ચાંદલોડિયા, અમદાવાદ.
પ્રકાશક : કુ. એમ. જે. ઓઝા. કાર્યકારી આચાર્યા, ગુજરાત વિનયન અને વિજ્ઞાન કોલેજ, અમદાવાદ.
મુખ્ય સંપાદક : પ્રા. કુ. એ. એ. કવિ
વિદ્યાવિકાસ : ગુજરાત વિનયન અને વિજ્ઞાન કોલેજ મૅગેઝીન

# વિદ્યા વિકાસ - ૧૯૯૩-૯૪

## (ગુજરાત કોલેજનું વાર્ષિક)

અંક : ૮૦ એપ્રીલ-૧૯૯૪

### સંપાદકીય

૧૯૯૩-૯૪નું શૈક્ષણિક વર્ષ ગુજરાત કોલેજ માટે કેટલીક વિશિષ્ટ ઘટનાઓને કારણે સીમાચિહ્નરૂપ બની રહ્યું.

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ કોલેજ પ્રવેશ મેળવવાના ઉત્સાહથી ગુજરાત કોલેજ તરફ મીટ માંડતાં વિદ્યાર્થીઓ અને વાલીઓની તથા વિદ્યાર્થીઓ પ્રવેશવંચિત ન રહે તે માટે ચિંતિત એવા કેળવણીકારોની અપેક્ષા સંતોષવા અનિવાર્ય આવશ્યકતા જણાતાં ગુજરાત કોલેજની વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખા સાથે ૧૯૮૧-૮૨ના શૈક્ષણિક વર્ષથી સંલગ્ન થયેલ વાણિજ્ય વિદ્યાશાખાને બહુ ટૂંકા સમયગાળામાં એક સ્વતંત્ર કોલેજની ક્ષમતા ધરાવતી વિદ્યાર્થીસંખ્યા પ્રાપ્ત થઈ. આથી કોલેજ સંચાલનની સરળતા અને વહીવટી નિયંત્રણ યોગ્ય રીતે થઈ શકે તે માટે અલગ વાણિજ્ય કોલેજ શરૂ કરવાની વિચારણાને માનનીય ગુજરાત સરકારશ્રીએ સ્વીકારી, જેના પરિણામ સ્વરૂપે ૧૯૯૩-૯૪ના શૈક્ષણિક વર્ષથી ગુજરાત કોલેજની વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાથી વાણિજ્ય વિદ્યાશાખા વિભાજિત થઈ, જે 'ગુજરાત કોમર્સ કોલેજ' નામથી અસ્તિત્વમાં આવી. આ બિના ગુજરાત કોલેજ માટે આનંદપ્રદ અને ગૌરવપ્રદ છે. વિદ્યાજગતમાં જેની જડ દૃઢ થઈ ચૂકી છે તેવી 'ગુજરાત કોમર્સ કોલેજ' વિદ્યાર્થીજગતની જ્ઞાન પિપાસાને તો તૃપ્ત કરશે જ પણ વિદ્યાજગતનાં મૂલ્યોની જાળવણીમાં 'ગુજરાત કોલેજ'ની આગવી પરંપરાનું સાતત્ય દાખવશે એવી આશા-શ્રદ્ધા સમુચિત લેખાશે. 'ગુજરાત કોમર્સ કોલેજ'નું ભાવિ ઉજ્જવળ બની રહે એવી હાર્દિક શુભેચ્છા.

'ગુજરાત કોમર્સ કોલેજ' જેમના સંનિષ્ઠ પ્રયાસોથી અસ્તિત્વમાં આવી એવા માનનીય આચાર્યશ્રી વિનોદભાઈ બી. પરમારસાહેબે ઓગસ્ટ-૧૯૯૦માં જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાંથી અહીં બદલીથી આવી કાર્યભાર સંભાળ્યો હતો. તેઓશ્રીની કાર્યદક્ષતા, નિયમિતતા, પ્રામાણિકતા અને આયોજનની આગવી સૂઝથી આ કોલેજે સર્વાંગી પ્રગતિની દિશામાં ઝડપથી ડગ માંડયાં હતાં. 'સર્વનો સાથ, સહકાર એ જ સફળતા' એવી ઉમદા ભાવનાને લઈને ચાલનાર શ્રી. પરમારસાહેબ કોલેજમાં શિસ્તનું સુંદર વાતાવરણ ઊભું કરી શકયા હતા. વિચારો અને કાર્યમાં મક્કમ તથા નીડર એવા શ્રી પરમારસાહેબ કોલેજના ભાવિ વિકાસના સ્વપ્નશિલ્પી હતા. પરિશ્રમ અને નિષ્ઠાના પ્રતીક સમા આચાર્યશ્રી વિનોદભાઈ પરમાર આ જ શૈક્ષણિક વર્ષમાં



૬

ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ખાતે સભ્ય તરીકે નિયુક્તિ પામતાં સરકારી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ ગુજરાત કોલેજમાંથી છૂટા થયા. તેઓશ્રીની ગુજરાત જાહેર સેવા આયોગમાં થયેલ નિયુક્તિ માટે સમગ્ર કોલેજ પરિવાર તેઓને હાર્દિક અભિનંદન પાઠવે છે; અને તેઓશ્રીનું શેષ જીવન નિરામય નીવડે એવી શુભેચ્છા વ્યક્ત કરે છે.

ગુજરાત કોલેજ માનસશાસ્ત્ર વિષય વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ તેમજ આ કોલેજના શ્રેયાનતમ પ્રાધ્યાપક કુ. મીનાક્ષીબેન જ. ઓઝાના શિરે અગાઉ વહીવટી આંટીઘૂંટીનો અનુભવ પ્રાપ્ત કરવાનું બન્યું ન હતું, પરંતુ સંસ્થાના આચાર્યપદની જવાબદારીનો વધારાનો બોજ સંભાળવાનું ૧૯૯૩-૯૪ના શૈક્ષણિક વર્ષના પ્રારંભથી તેમના શિરે આવ્યું. સમગ્ર શૈક્ષણિક વર્ષ જેવા સુદીર્ઘ સમયગાળા સુધી આચાર્યની કામગીરીનો આ બોજ સંભાળનાર અને 'વિદ્યાવિકાસ'ના 'સંપાદકીય'નાં પૃષ્ઠોમાં ગુજરાત કોલેજના સંભવતઃ પ્રથમ કાર્યકારી મહિલા આચાર્ય તરીકે સ્થાન પામનાર કુ. મીનાક્ષીબહેનની કાર્યશૈલીમાં વહીવટી સૂઝ, નિષ્ઠા અને કર્તવ્યપરાયણતાની પ્રતીતિ સહુને થઈ હશે. પ્રત્યેક વિગતના ઝીણવટપૂર્વકના અભ્યાસ અને માનવતાવાદી અભિગમ દ્વારા સંસ્થાના વિકાસમાં ઊંડો રસ ધરાવનાર અને સંસ્થાની પ્રસ્થાપિત પરંપરાની જાળવણી અર્થે સદૈવ તત્પર એવાં અમારાં કાર્યકારી આચાર્ય કુ. મીનાક્ષીબહેનને સફળતા વાંછીએ છીએ.

* * *

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડનાં પરિણામો જાહેર થતાં જ કોલેજ પ્રવેશ માટે અધીરા વિદ્યાર્થીઓના પ્રવાહને સમુચિત રીતે નિયંત્રિત કરવાના કપરા કાર્ય માટે વિવિધ પ્રવેશ સમિતિઓના સભ્યોને કોલેજનાં માનનીય આચાર્યા કુ. મીનાક્ષીબહેનનું માર્ગદર્શન મળી રહેતાં પ્રવેશકાર્ય એકંદરે સંતોષજનક રીતે પૂર્ણ થયું.

શિક્ષણ જગતમાં વિદ્યાર્થીઓ દ્વારા થયેલું આવકાર્ય અને પ્રશસ્ય પરિવર્તન તે છે 'વિદ્યાર્થી પ્રતિનિધિ સભા'માં વિદ્યાર્થીઓની ગુણવત્તાના ધોરણે નિયુક્તિ. પ્રતિવર્ષ વાગતાં ચૂંટણીનાં પડઘમને કારણે ઉદ્ભવતાં વૈમનસ્ય, સંઘર્ષ વગેરેને વિદ્યાજગતમાંથી જાકારો આપી વર્ષ દરમ્યાન શિક્ષણજગતનાં નીર શાંત અને સ્વચ્છ રાખવા બદલ વિદ્યાર્થી આલમને સલામ. સમગ્ર શહેરની વિવિધ કોલેજોમાં પ્રગટેલી આ નૂતન વિચારધારાની સરવાણીમાં ગુજરાત કોલેજ પણ ભળી, અને કોલેજમાં ' વિદ્યાર્થી પ્રતિનિધિસભા ' ની રચના ગુણવત્તાના ધોરણે નિયુક્તિ દ્વારા થઈ. તેમજ વિવિધ પ્રવૃત્તિઓના હોદ્દેદારોની ચૂંટણી શાંતિપૂર્ણ રહી.

કોલેજની વિવિધ પ્રવૃત્તિઓનો આરંભ અમર શહીદ વીર વિનોદ કિનારીવાલાને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમથી થયો, જે ગુજરાત યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર શ્રી. એન. વી. વસાણીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ૧૫મી ઓગષ્ટના રાષ્ટ્રીય દિનની ઉજવણી કોલેજના આચાર્યા શ્રી મીનાક્ષીબહેનની નિશ્રામાં થઈ હતી તેઓશ્રીએ આપણા રાષ્ટ્રીય ગૌરવના

જતનની ફરજ પ્રત્યે સભાનતા દાખવવાની શીખ આપી હતી.

પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના ઉપપ્રમુખ પ્રા. શ્રી ડાહ્યાભાઈ પટેલની ઉપસ્થિતિમાં માનનીય કાર્યકારી આચાર્યશ્રી એમ. એ. અબ્બાસી સાહેબની અધ્યક્ષતામાં થયું હતું. તેઓએ આપણા દેશની સિદ્ધિઓને બિરદાવી, વધુ પ્રગતિ સાધવા, કમર કસવા નવી પેઢીને હાકલ કરી હતી.

પ્રથમ સત્રમાં વન મહોત્સવની ઉજવણી અને લાયન્સ કલબના ઉપક્રમે રકતદાન શિબિર જેવા કાર્યક્રમોનું આયોજન સફળતાપૂર્વક થયું હતું. કોલેજના વિદ્યાર્થીઓએ લગભગ સો બોટલો જેટલું નોંધપાત્ર રકતદાન કર્યું હતું.

કોલેજનો વાર્ષિક મનોરંજન કાર્યક્રમ જાન્યુઆરીના બીજા સપ્તાહમાં ટાઉનહૉલમાં ઉત્સાહભેર યોજાયો હતો. તાલબદ્ધ સંગીતસભર ગીતોએ પ્રેક્ષકોનાં દિલ-દિમાગ ડોલાવી દીધાં હતાં. ભજવાયેલા 'ચક્ર' નાટકને નિહાળી સૌ મંત્રમુગ્ધ બન્યાં હતાં. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન આપણી કોલેજના ભૂતપૂર્વ સામાન્ય મંત્રી શ્રી. ચેતન પટેલના હસ્તે તથા સમાપન માનનીય આચાર્યાશ્રી મીનાક્ષીબહેનના વરદહસ્તે થયું હતું.

પારિતોષિક વિતરણ સમારંભ તા. ૧૯-૩-૯૪ ને શનિવારે સવારના નવ કલાકે સંસ્થાના ગાંધીહૉલમાં ગુજરાતના રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી સન્માનનીય શ્રી. પ્રબોધકાન્ત પંડયાના અતિથિવિશેષપદે શહેરના પ્રતિષ્ઠિત સજ્જનો, કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોની મોટી હાજરી વચ્ચે ઉજવાયો હતો. અતિથિવિશેષશ્રીના વરદ હસ્તે પારિતોષિક વિતરણ કરાયાં હતાં. આવા સુંદર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ આનંદ વ્યકત કરતાં તેઓશ્રીએ પોતાના પ્રેરક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ મન અને બુદ્ધિને કાર્યરત કરવાં પડશે. માત્ર પ્રેરણા જ નહિ; પણ પ્રેરણા સાથે પરિશ્રમનો પ્રસ્વેદ પાડવો જરૂરી છે. સમારંભનાં પ્રમુખશ્રી આચાર્યા મીનાક્ષીબહેને ગુજરાત કોલેજના વિકાસમાં ફાળો આપનાર સૌનો આભાર માન્યો હતો. આ શુભ પ્રસંગે અનુપસ્થિત રહેલા મહાનુભાવો સર્વશ્રી. નરહરિ અમીન, દિનશા પટેલ (મંત્રીશ્રીઓ : ગુજરાત રાજ્ય) શ્રી. એ. કે. જોતી કમિશ્નરશ્રી. ઉચ્ચશિક્ષણના શુભેચ્છા સંદેશાઓ પ્રાપ્ત થયા હતા. જીમખાના સમિતિના અધ્યક્ષ શ્રી. ડૉ એમ. પી. મારુએ આભારવિધિ કરી હતી.

*　　*　　*

યુનિવર્સિટી પરીક્ષાઓમાં આપણી કોલેજનાં પરિણામો ખૂબ આનંદદાયક અને ઉત્સાહજનક રહ્યાં. વિજ્ઞાનવિભાગમાં શ્રી. ગોસ્વામી ઘનશ્યામભારતી રામભારતી (ગણિતશાસ્ત્ર) અને વિનયન વિભાગમાં ઈતિહાસ વિષયના શ્રી. ઠાકોર અમૃતભાઈ ગાંડાભાઈએ ખંભાતા ટ્રસ્ટ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. આ બંને તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન.

આ વર્ષે વિદ્યાર્થીઓની અભ્યાસપરસ્તીનું વિશિષ્ટ ઉદાહરણ પ્રત્યક્ષ થયું. અભ્યાસનિષ્ઠા અને શિસ્તના આગ્રહી આચાર્યાશ્રી માનનીય કુ. મીનાક્ષીબહેનની સમજાવટથી અને અધ્યાપકોના પણ સંનિષ્ઠ પ્રયાસથી છેલ્લાં કેટલાંક વર્ષોથી કોલેજ દ્વારા પ્રથમ સત્રમાં યોજાતી આંતરિક કસોટી આપવા માટે ઉદાસીન રહેતાં વિદ્યાર્થીઓમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓએ પ્રથમ સત્રમાં જ આંતરિક કસોટી આપી તે સર્વ માટે આનંદદાયક ઘટના ઘટી.

જીવવિદ્યા વિભાગના વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓના અભ્યાસના ભાગરૂપ શૈક્ષણિક પ્રવાસનું આયોજન આ વર્ષે કરવામાં આવ્યું. જેમાં દ્વિ. વ. અને તૃ. વ. બી. એસ.સી. ના પ્રાણીશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓએ ઓખા, દ્વારકા, સિક્કા, જામનગર, વેરાવળ, ઘોઘલા , દરિયાકાંઠો તથા સાસણગીરના જંગલોનો પ્રવાસ યોજી તથા દ્વિ.વ. અને તૃ. વ. બી. એસ.સીના વનસ્પતિશાસ્ત્રના વિદ્યાર્થીઓએ વેરાવળ, સોમનાથ, જુનાગઢ, ચોરવાડ, સાપુતારા, ધરમપુર, વઘઈ, વાપી, સુરત, વલસાડ વગેરે સ્થળોનો પ્રવાસ કરી અભ્યાસ વિષયક માહિતી પ્રાપ્ત કરી.

જીવવિદ્યા વિભાગ દ્વારા આ વિભાગની ઘણાં વર્ષો સુધી સેવા કરનાર ભૂતપૂર્વ વિદ્વાન, દિવંગત પ્રાધ્યાપકો સ્વ. જે. ડી. ઓઝાસાહેબ તથા સ્વ. જી. ટી. પંડ્યાસાહેબની છબીઓની જીવવિદ્યાવિભાગની પ્રયોગશાળામાં અનાવરણવિધિના યોજાયેલા સમારંભનો પ્રારંભ અતિથિવિશેષ ડૉ. વી. સી. શાહે (ભૂતપૂર્વ કુલપતિ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા) દીપ પ્રગટાવી કરેલો. ત્યારબાદ સ્વ. પ્રા. જે. ડી. ઓઝાસાહેબની છબીનું અનાવરણ ડૉ. અવિનાશ વોરા (પ્રાધ્યાપક વનસ્પતિશાસ્ત્ર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) તથા સ્વ. પ્રા. જી. ટી. પંડ્યાસાહેબની છબીનું અનાવરણ ડૉ. નિલોફર ચિનોય (પ્રાધ્યાપક પ્રાણીશાસ્ત્ર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) દ્વારા કરવામાં આવેલું. સમારંભમાં પ્રમુખસ્થાને કોલેજનાં માનનીય આચાર્યાશ્રી મીનાક્ષીબેન રહેલાં. વિષયવિભાગના અધ્યક્ષ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ દેવો ભવ ની ભારતીય પરંપરાનું સ્મરણ તાજું કરાવાયું એ હર્ષજનક છે. ગુરુજનોની તનની છબીનાં દર્શનની સાથોસાથ તેમનાં મનની છબી - અભ્યાસ, જ્ઞાનનું પ્રતિબિંબ પોતાની અભ્યાસનિષ્ઠા દ્વારા સર્વ કોઈ પ્રગટ કરશે તો ગુરુજનોનું તર્પણ-સ્મરણ લેખે લાગશે. આવી સુંદર ભાવના સાકાર કરવા બદલ સર્વેને અભિનંદન.

* * *

વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત નાટયસ્પર્ધામાં કોલેજના નાટયવિભાગના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત થયેલ ' ચક્ર ' એકાંકીના અભિનેત્રી કુ. મનીષા દવેને શ્રેષ્ઠ અભિનેત્રી તરીકેનું 'કાદવિયા' એકાંકીના અભિનેત્રી કુ. પ્રેમિલા પટેલને અભિનેત્રી તરીકેનું પારિતોષિક પ્રાપ્ત થયું. 'ચક્ર' નાટકના દિગ્દર્શક પ્રા. શ્રીકાંત બિલ્ગીને શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે તથા 'ધ લાસ્ટ વિઝિટર' ત્રિઅંકીના કલાકાર શ્રી ઉન્મેષ દીક્ષિતને શ્રેષ્ઠ અભિનય માટે ઈનામ મળેલ. આ

સર્વ કલાકારોને આપણાં સહુનાં અભિનંદન. (આ અંકના પાછળનાં પૃષ્ઠમાં નાટયપ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ પૃ. ૨૩ આપેલ છે.)

ગુજરાત યુનિવર્સિટી આયોજિત યુવક મહોત્સવમાં કાવ્યપઠનમાં અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ સમિતિ દ્વારા યોજાયેલ કાવ્યપઠન અને કાવ્યલેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થી શ્રી સરસ્વતીચંદ્ર આચાર્યને અભિનંદન.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની જેમ રમતગમત, એન. સી. સી. વગેરે ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓનું યોગદાન પ્રશસ્ય રહ્યું. જીવનના વિવિધક્ષેત્રોમાં પદાર્પણ કરી ચૂકેલ આજના યુવાજગતમાંથી આપણી કોલેજનાં વિદ્યાર્થિની કુ. કૃતિ ભટ્ટે 'ઈન્ડિયન નેશનલ ગેઈમ્સ શુટીંગ'માં કાંસ્યચંદ્રક પ્રાપ્ત કરીને ગુજરાત કોલેજની શાન વધારી છે. આ ગૌરવવંતી સિદ્ધિ માટે તેઓને આપણાં સર્વેનાં હાર્દિક અભિનંદન. રાજ્યકક્ષાએ જૂડોમાં સ્થાન પ્રાપ્ત કરનાર કુ. નિર્મળા મહેશ્વરીને પણ અભિનંદન.

એન. સી. સી. નેવલવિંગના કેડેટ પી. ઓ. સરસ્વતીચંદ્ર ડી. આચાર્ય રાજપથ માર્ચપાસ્ટ માટે પસંદગી પામ્યા અને પ્રધાનમંત્રી રેલીમાં જોડાયા તે માટે તેઓને ધન્યવાદ.

રમતગમતક્ષેત્રે પણ આ વર્ષે અનોખી સિદ્ધિ પ્રાપ્ત થઈ. ઘણાં વર્ષો સુધી ગુમાવેલું સ્થાન આ વર્ષે હોકી (ભાઈઓ) ની ટુકડીએ ગુજરાત યુનિવર્સિટીમાં ચેમ્પિયન બનીને પુનઃ પ્રાપ્ત કર્યું, તે માટે સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન. હોકી (બહેનો)ની ટુકડીએ આ વર્ષે યુનિવર્સિટી ચેમ્પિયનશીપ જાળવી રાખી તે બદલ તેઓને પણ અભિનંદન.

વર્ષારંભે માનનીય આચાર્યશ્રી વિનોદભાઈ પરમારસાહેબે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. તો પ્રથમ સત્રાંતે વયમર્યાદાને કારણે સમાજશાસ્ત્ર વિભાગના પ્રા. શ્રી. એસ. બી. ધનવાણી, ગણિતશાસ્ત્ર વિભાગના પ્રા. શ્રી એસ. એમ. પટેલ તથા રસાયણશાસ્ત્ર વિભાગના પ્રા. કુ. પ્રફુલ્લાબેન પટેલ નિવૃત્ત થયાં. દ્વિતીય સત્રાંતે ઈતિહાસ વિભાગના પ્રા. ડી. એ. પટેલ, તત્ત્વજ્ઞાન વિભાગના પ્રા. શ્રી આર. બી. માંકડ ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રા. એ. એન. ઝા તથા આ જ વિભાગના પ્રા. શ્રી એન. વી. પરીખ નિવૃત્ત થયા.

ગ્રંથાલયના પટાવાળા શ્રી નટુભાઈ પારેખ પણ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા.

આ બધાં સાથીદારોની લાંબા સમયની સેવા, આ કોલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં એમણે આપેલો સહકાર, તથા પ્રત્યેક સભ્યની નિજી લાક્ષણિકતાઓ યાદગાર બની રહેશે. પ્રત્યેક સભ્યનું નિવૃત્તિજીવન સુખમય નીવડો એવી શુભેચ્છા.

* * *

ગુજરાત કોલેજના અંગ્રેજી વિભાગના ભૂતપૂર્વ પ્રા. સી. એન. પટેલસાહેબની ઉપસ્થિતિમાં આ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ આ કોલેજના ભૂતપૂર્વ આચાર્ય સ્વ. શ્રી એસ. એસ. ભાંડારકરસાહેબના અવસાન નિમિત્તે શોકસભા યોજી સ્વર્ગસ્થને અંજલિ અર્પી હતી. આ કોલેજના અંગ્રેજી વિષયના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી વી. વી. યાર્દીએ તથા શ્રી એમ. વી. રાજાધ્યક્ષાએ આચાર્ય સ્વ. એસ. એસ. ભાંડારકરને અર્પેલ અંજલિ લેખરૂપે પ્રા. સી. એન. પટેલસાહેબને મોકલી આપેલ; જે તેઓએ કોલેજના મેગેઝીનમાં પ્રકાશિત કરવા અર્થે આપેલ છે તેનો સાદર સ્વીકાર કરી તેઓનો આભાર માનીએ છીએ.

વીતેલા વર્ષમાં કોલેજ સાથે સંલગ્ન, લબ્ધપ્રતિષ્ઠ ત્રણ વિભૂતિઓને શ્રદ્ધાસુમન અર્પણ કરતાં ગુજરાત કોલેજનો સમગ્ર પરિવાર રંજ અનુભવે છે.

શતાબ્દીમાં પ્રવેશી ચૂકેલી ગુજરાત કોલેજ માટે ઉદાર હાથે દાન કરનાર દાતા સ્વ. સર ચીનુભાઈ બેરોનેટના સુપૌત્ર શ્રી ઉદયનભાઈ ચીનુભાઈનાં ધર્મપત્ની સ્વ. મોનાબહેનનું ટૂંકી માંદગી બાદ અવસાન થયું. બેરોનેટ કુટુંબની પ્રણાલિકા જાળવી ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓની 'આંતરવર્ગીય વોલીબોલ સ્પર્ધામાં વિજેતા થનાર ટુકડી માટે "મોનાબહેન ચીનુભાઈ વોલીબોલ શિલ્ડ" અર્પનાર સ્વ. મોનાબહેને ગુજરાત કોલેજ સાથે આ રીતે આત્મીયતાનો તંતુ જાળવી રાખેલો. વ્યવસાયે ધારાશાસ્ત્રી, પ્રસન્નવદના અને આગવું વ્યક્તિત્વ ધરાવતા સ્વ. મોનાબહેનના આત્માને પરમાત્મા ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

ગુજરાત કોલેજનું આચાર્યપદ શોભાવનાર સ્વ. આચાર્ય એસ. એસ. ભાંડારકરસાહેબના નિધનની પણ સખેદ નોંધ લઈએ છીએ. ગુજરાત કોલેજમાં અંગ્રેજી વિષયના વિદ્વાન પ્રાધ્યાપક તરીકે વર્ષો સુધી અધ્યાપનકાર્ય કરી થોડાં વર્ષો પછી આ જ કોલેજમાં આચાર્યપદે નિયુક્તિ પામનાર સ્વ. આચાર્ય ભાંડારકરસાહેબ અંગ્રેજી વિષયના વિદ્વાન પ્રાધ્યાપક તરીકે માત્ર વિદ્યાર્થીઓ કે સહાધ્યાપકોમાં જ તેમના મિલનસાર સ્વભાવને કારણે પ્રીતિપાત્ર બન્યા ન હતા; પણ સમગ્ર અમદાવાદ શહેરના સુજ્ઞજનોમાં ય તેઓ તેમની વિદ્વત્તાને કારણે સુવિદિત થયેલા. સ્વ. ભાંડારકરસાહેબ ગુજરાત કોલેજમાંથી એલ્ફિન્સ્ટન કોલેજના પ્રિન્સિપાલ તરીકે મુંબઈ જતાં ઓકટોબર ૪૯ના 'ગુજરાત કોલેજ મેગેઝીન'ના સંપાદકીયમાં તેઓ માટે લખાયેલાં વિદાયવચનો "પ્રિ. ભાંડારકરે પોતાની સજ્જનતાથી, સ્નિગ્ધમધુર સ્વભાવથી, નિષ્ઠાથી અને કાર્યદક્ષતાથી વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપક સાથીઓ ઉભયની પ્રીતિ સંપાદન કરી હતી." નું સ્મરણ કરતાં વિનયાવનત મસ્તકે ગુજરાત કોલેજનો સમગ્ર પરિવાર તેઓને શ્રદ્ધાંજલિ અર્પે છે.

આ કોલેજના જીવવિદ્યા વિભાગના અધ્યક્ષ, કોલેજહોસ્ટેલ રેક્ટર, વિ. પ્ર. સભાના અધ્યક્ષ સ્વ. પ્રા. જી. ટી. પંડયાસાહેબના અવસાનની સખેદ નોંધ લઈએ છીએ.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ જીવાભાઈ પટેલના અકાળ અવસાનથી ગુજરાતના જાહેરજીવને આંચકો અનુભવ્યો. શિક્ષણપ્રેમી, વિચક્ષણ રાજનીતિજ્ઞ, કાબેલ વહીવટકર્તા અને વિશેષતઃ તો નયા ગુજરાતને સાકાર કરવા સતત ઉદ્યમી અને ગુજરાતના જાગૃત પ્રહરી એવા સ્વ. ચીમનભાઈની ચિર વિદાયને સમગ્ર ગુજરાતે હતપ્રભ નેત્રે નિરખી. સ્વ. ચીમનભાઈના કાર્યને પૂર્ણ કરવાની શક્તિ સર્વેને પરમાત્મા અર્પે તે અભ્યર્થના.

ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. હિતેન્દ્રભાઈ કનૈયાલાલ દેસાઈના અવસાનની પણ સખેદ નોંધ લઈએ છીએ.

ગુજરાત કોલેજના દ્વિ. વ. બી. એ. ના વર્ગમાં અભ્યાસ કરતા પ્રજાપતિ રાજેશ કચરાભાઈનું યુવાવયે અવસાન થતાં કોલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓ શોકની લાગણી અનુભવે છે.

સદ્ગતોના આત્માને પરમાત્મા ચિરશાંતિ અર્પે એ માટે પ્રાર્થીએ કે

तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्मा अमृतं गमय ॥

¤ **સંપાદકો**

# મહાવિદ્યાલય વૃત્ત

## અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ :

આ કોલેજનાં આચાર્યા કુ. મીનાક્ષીબહેન ઓઝાની પસંદગી 'યુ. જી. સી. આયોજિત નેશનલ ઈન્સ્ટિટયૂટ ઑફ એજ્યુકેશન પ્લાનીંગ એન્ડ એડમિનીસ્ટ્રેશન સંચાલિત, નેશનલ લેવલ ઓરીએન્ટેશન પ્રોગ્રામ ઈન એજ્યુકેશનલ પ્લાનીંગ એન્ડ એડમિનીસ્ટ્રેશન ફોર ધી પ્રિન્સિપાલ્સ ઑફ કોલેજીસ' દ્વારા આયોજિત પ્રોગ્રામ માટે થઈ. તેઓશ્રીએ આ કાર્યક્રમમાં તા. ૧૭-૧-૯૪ થી તા. ૪-૨-૯૪ સુધી દિલ્હી ખાતે તાલીમ મેળવી હતી.

ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રા. ડૉ ડી. બી. વૈદ્યે છઠ્ઠી ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકસ યુનિયન (IAU) ની એશિયન પેસીફીક રીજીનલ મિટીંગમાં પૂના ખાતે તા. ૧૬ ઓગસ્ટ-૯૩ થી તા. ૨૦ ઓગસ્ટ-૯૩ સુધી ભાગ લઈ સંશોધન પેપર રજૂ કર્યું. આ ઉપરાંત વર્ષ દરમિયાન તેમનાં આ પ્રમાણેનાં સંશોધન પેપર્સ પ્રકાશિત થયાં. Circumstellar in Mira Variables and the massloss mechanisms; (Astonomy and Astrophysics, 273, 570-1993), Interstellar grains in the Regions of Anomalons Extinction; (Bulletin Astronomical Society of India, 21, 591-1993), Estimation of Reflectance Spectra of Particulate Matter from size and Refractive index of Particles; (Indian Journal of Pure and Applied physics; 470, Augest 1919)

માઈક્રોબાયોલૉજી વિભાગના પ્રા. શ્રીમતી એન. એમ. ઉપાધ્યાયનું 'Thiosulface oxidizing organisms from thermal Spring' વિષય પર Indian Journal of Microbiology, vol 30 (4), Dec 1993 (Pages 241-244) પેપર પ્રકાશિત થયું છે.

હિંદી વિભાગના અધ્યાપક શ્રી. એસ. એમ. રંગવાલાએ હિંદી સાહિત્ય સંમેલન, પ્રયાગ દ્વારા આયોજિત 'રાષ્ટ્રીય હિંદી મેલા'માં ૨૮ સપ્ટેમ્બરથી ૩ જી ઓકટોબર : ૧૯૯૩ દરમ્યાન સરકારી પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. તેઓએ કવિ શ્રી પિનાકિનભાઈ ઠાકોરના કાવ્યપુસ્તકોના વિવેચનનો હિંદીમાં ભાવાનુવાદ તથા ભાષાનુવાદ કરીને લખેલ લેખ પ્રસ્તુત કર્યો હતો. ડૉ. સરલાબેન એસ. પરમારે ૧૧ માર્ચથી ૧૫ માર્ચ : ૧૯૯૪ દરમિયાન સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવન ખાતે આયોજિત 'કહાની-અનુવાદ શિબિર'માં ભાગ લીધો હતો.

સમાજશાસ્ત્ર વિભાગનાં ડૉ. શ્રીમતી દક્ષાબેન કે. ઠાકરે મેંગલોર ખાતે યોજાયેલ સમાજશાસ્ત્ર વિષયની ઓલ ઈન્ડિયા કોન્ફરન્સમાં 'સાહિત્ય અને સમાજશાસ્ત્ર' વિષય અંગે

शिवास्ते पन्थानः सन्तु ।



નિવૃત્ત માનનીય આચાર્ય શ્રી. વી. બી. પરમાર સાહેબ

અમારાં કાર્યકારી માનવંતાં આચાર્યા



કુ. મીનાક્ષીબહેન ઓઝા

પેપર રજૂ કરેલ. યુ. જી. સી. દ્વારા આયોજિત ઓરિએન્ટેશન કોર્સમાં Resource Person તરીકે વ્યાખ્યાન આપેલ. ઓલ ઈન્ડિયા બાજખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિની કોન્ફરન્સમાં 'આંતરજ્ઞાતીય લગ્ન અને તેની અસરો' એ વિષય પર મુખ્ય વક્તા તરીકે પ્રવચન આપેલ. ગુજરાતની બાજખેડાવાળ મહિલાઓના પ્રથમ અધિવેશનમાં 'સંયુક્ત કુટુંબ કે વિભક્ત કુટુંબ' એ અંગે પ્રારંભિક પ્રવચન આપેલ. એમ. પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર વિમેનની એન. એસ. એસ. શિબિરમાં 'જીવન સાથીની પસંદગી' અંગે વક્તવ્ય આપેલ.

નાટ્યશાસ્ત્ર વિભાગના પ્રા. અજય સાગરે આકાશવાણી ઉપર યુથફોરમમાં 'જીવનમાં નાટ્યશિક્ષણનું યોગદાન' વિષય ઉપરની ચર્ચામાં મુખ્ય પ્રવક્તા તરીકે સેવા આપી, તેમજ A. I. R. માં 'ગુર્જર ભારતી' વિભાગમાં 'કાષ્ટકલાના કારીગર - ઈશ્વર મારવાડી' નો ઈન્ટરવ્યુ લીધો. ઉપરાંત તેઓએ ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા, મીનીસ્ટરી ઑફ કોમ્યુનિકેશન - પોસ્ટ ડીપાર્ટમેન્ટ તરફથી આયોજિત અખિલ ભારતીય એકાંકી નાટ્યસ્પર્ધામાં તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી - પાટણ દ્વારા આયોજિત યુવા મહોત્સવ, એકાંકી નાટ્યસ્પર્ધામાં ગોષ્ઠી-સંચાલક, અને સંગીત નૃત્ય-નાટ્યવિભાગ, સૉંગ એન્ડ ડ્રામા ડિવીઝન-દિલ્હીના ઉપક્રમે ગુજરાતભરના નાટ્ય-નૃત્ય અને ભવાઈના રજીસ્ટર પાર્ટીઓના 'ઓડીશન'માં નિર્ણાયક તરીકે યોગ્ય સેવાઓ પ્રદાન કરી. દૂરદર્શનમાં 'નાટ્યશિક્ષણનું યોગદાન' ચર્ચામાં અગ્રગણ્ય વક્તા તરીકે સેવાઓ આપી.

ગુજરાતીના પ્રા. સી. આર. દવેએ ૨૭મી જાન્યુઆરી-૯૪ના રોજ વેડછી આશ્રમ, વેડછીમાં ગૂજરાત વિદ્યાપીઠ, હિંદીભવન તરફથી યોજાયેલ ગાંધીવિચાર પરીક્ષાઓના પારિતોષિક વિતરણ સમારંભ પ્રસંગે, 'પ્રેમાનંદકૃત - કુંવરબાઈનું મામેરું' - વિષય પર પ્રવચન આપ્યું.

માઈક્રોબાયોલૉજી વિભાગનાં પ્રા. શ્રીમતી એન. એમ. ઉપાધ્યાયને માઈક્રોબાયોલૉજી બોર્ડ તથા સાયંસ ફેકલ્ટી : ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યાંછે.

નાટ્ય વિભાગના પ્રા. શ્રી શ્રીકાંત બિલ્ગીને, આઈ. એન. ટી. અને ગુજરાત સમાચાર આયોજિત એકાંકી નાટ્યસ્પર્ધામાં 'ચક્ર' નાટકના શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકેનું પારિતોષિક પ્રાપ્ત થયું છે.

* * *

ARTS AND SCIENCE COLLEGE SYDENHAM LIBRARY

# પરિવાર પરિવર્તન - ૧૯૯૩-૯૪
## સ્વાગત

| વિભાગ | હોદ્દો | નામ | કયાંથી આવ્યા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| માનસશાસ્ત્ર | આચાર્ય કાર્યકારી | કુ. મીનાક્ષીબેન જ. ઓઝા | ગુજરાત કોલેજ, અમદાવાદ | – |
| અર્થશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રી પી. બી. જાગાણી | નવી નિમણૂક | – |
| અંગ્રેજી | વ્યાખ્યાતા | શ્રીમતી નલિનીબહેન એમ. બ્રહ્મા | સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર | ડૉ. કુ. કે. સી. અમીન નિવૃત્ત થતાં તેમની ખાલી પડેલી જગ્યા ઉપર (રસાયણશાસ્ત્ર વ્યાખ્યાતા) |
| અંગ્રેજી | – | – | – | – |
| આંકડાશાસ્ત્ર | – | – | – | – |
| ઈતિહાસ | – | – | – | – |
| ગણિત | વ્યાખ્યાતા | શ્રી બી. વી. જોષી | સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર | પ્રથમ સત્રમાં શ્રી સી. ડી. ભાવસારની ખાલી પડેલી જગ્યા પર |

# પરિવાર પરિવર્તન ૧૯૯૩-૯૪
## વિદાય

| વિભાગ | હોદ્દો | નામ | કયાં ગયા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| સંસ્કૃત | આચાર્ય | શ્રી વિનોદભાઈ બી. પરમાર | જાહેર સેવા આયોગ ગુજરાત રાજ્ય, અમદાવાદ | સ્વૈચ્છિક નિવૃત્તિ |
| અર્થશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રી આર. એ. જોષી | ધર્મેન્દ્રસિંહ કોલેજ, રાજકોટ | – |
| અંગ્રેજી | – | – | – | |
| અંગ્રેજી | વ્યાખ્યાતા | શ્રીમતી તૃપ્તિબેન સી. વોરા | ગુજરાત વિનયન કોલેજ, (સાંજની) અમદાવાદ | – |
| આંકડાશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રીમતી ચેતનાબેન ડી. ભાવસાર | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | રાજીનામું આપીને ગયા. |
| ઈતિહાસ | વ્યાખ્યાતા | શ્રી ડી. એ. પટેલ | નિવૃત્ત | – |
| ગણિત | વ્યાખ્યાતા | શ્રી એસ. એમ. પટેલ | નિવૃત્ત | - |

| વિભાગ | હોદ્દો | નામ | કયાંથી આવ્યા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| | | | | બીજા સત્રમાં પ્રો. એસ. એમ. પટેલની ખાલી પડેલી જગ્યા ઉપર આવ્યા. |
| ગુજરાતી | વ્યાખ્યાતા | શ્રી સી. આર. દવે | એમ. એન. કોલેજ, વિસનગર | શ્રી એન. કે. માંડણકાની નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યા પર આવ્યા. |
| ગુજરાતી | – | – | – | – |
| જીવવિદ્યા | વ્યાખ્યાતા (પ્રાણી શાસ્ત્ર) | શ્રી વી. પી. દેશપાંડે | એચ. એન્ડ એચ. બી. કોટક ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયંસ, રાજકોટ | – |
| જીવવિદ્યા | વ્યાખ્યાતા (વનસ્પતિ શાસ્ત્ર) | શ્રી કે. પી. પટેલ | એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયંસ કોલેજ, સુરેન્દ્રનગર | – |
| તત્ત્વજ્ઞાન | – | – | – | – |
| ભૌતિકશાસ્ત્ર | – | – | – | – |
| ભૌતિકશાસ્ત્ર | – | – | – | – |
| રસાયણશાસ્ત્ર | – | – | – | – |
| રસાયણશાસ્ત્ર | લેબોરેટરી | શ્રી એમ. એસ. ચૌહાણ | એમ. એન. કોલેજ, | - |

| વિભાગ | હોદ્દો | નામ | કયાં ગયા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| | | | | |
| ગુજરાતી | – | – | – | – |
| ગુજરાતી | વ્યાખ્યાતા | શ્રી બી. ડી. દલીચા | ગુજરાત વિનયન કોલેજ (સાંજની), અમદાવાદ | – |
| જીવવિદ્યા | વ્યાખ્યાતા (પ્રાણી શાસ્ત્ર) | શ્રી એ. આર. ત્રિવેદી | સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર | – |
| જીવવિદ્યા | વ્યાખ્યાતા વનસ્પતિ-શાસ્ત્ર | શ્રી એસ. એમ. પરમાર | એચ. એન્ડ એચ. બી. કોટક ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયંસ, રાજકોટ | – |
| તત્ત્વજ્ઞાન | વ્યાખ્યાતા | શ્રી આર. બી. માંકડ | નિવૃત્ત | – |
| ભૌતિકશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રી એ. એન. ઝા | નિવૃત્ત | – |
| ભૌતિકશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રી એન. વી. પરીખ | નિવૃત્ત | – |
| રસાયણશાસ્ત્ર | વ્યાખ્યાતા | કુ. પી. ડી. પટેલ | નિવૃત્ત | – |
| રસાયણશાસ્ત્ર | – | – | – | – |

| વિભાગ | હોદ્દો | નામ | કયાંથી આવ્યા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| | આસીસ્ટન્ટ અને ગેસ મિકેનિક | | વિસનગર | – |
| સમાજશાસ્ત્ર | – | – | – | – |
| સમાજશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રી આર. એચ. ભટ્ટ | સરકારી આર્ટ્સ કોલેજ, આહવા | – |
| શારીરિક શિક્ષણ | વ્યાખ્યાતા | શ્રી બી. એ. ડાભી | ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ, રાજકોટ | – |
| હિંદી | વ્યાખ્યાતા | ડૉ. કુ. વી. સી. લાખાણી | એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયંસ કોલેજ, સુરેન્દ્રનગર | – |
| ગ્રંથાલય | ગ્રંથાલય કારકુન | શ્રી માયાબહેન મકવાણા | સરદાર પટેલ રાજ્યવહીવટી ભવન, અમદાવાદ | – |
| કાર્યાલય | શ્રેયાન ક્લાર્ક | શ્રીમતી આર. સી. શાહ | જિલ્લા પ્રૌઢ શિક્ષણ કચેરી, ગાંધીનગર | – |
| કાર્યાલય | હમાલ | શ્રીમતી કે. જે. મહેરીયા | નવી નિમણૂક | – |
| કાર્યાલય | હમાલ | શ્રી જી. એન. બાવાણી | નવી નિમણૂક | – |
| કાર્યાલય | હમાલ | શ્રી ડી. એસ. પરમાર | આર. સી. હાઈસ્કૂલ, અમદાવાદ | – |
| કાર્યાલય | હમાલ | – | – | – |


| વિભાગ | હોદ્દો | નામ | ક્યાં ગયા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| | | | | |
| સમાજશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રી એસ. બી. ધનવાણી | નિવૃત્ત | – |
| સમાજશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રી એસ. જી. ગાયકવાડ | સરકારી આર્ટ્સ કોલેજ, આહવા | – |
| શારીરિક શિક્ષણ | વ્યાખ્યાતા | શ્રી ડી. એન. વાટલિયા | સરકારી આર્ટ્સ કોલેજ, મેઘરજ | – |
| હિંદી | વ્યાખ્યાતા | શ્રી યુ. એમ. પટેલ | એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયંસ કોલેજ, સુરેન્દ્રનગર | – |
| ગ્રંથાલય | ગ્રંથાલય કારકુન | શ્રીમતી પન્નાબેન આર. વ્યાસ | ગાંધીનગર વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર | – |
| કાર્યાલય | શ્રેયાન કલાર્ક | શ્રી એમ. એમ. મણિયાર | ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ | – |
| કાર્યાલય | પટાવાળા | શ્રી એમ. સી. પરમાર | નિવૃત્ત | – |
| કાર્યાલય | પટાવાળા | શ્રી એન. એમ. પારેખ | નિવૃત્ત | – |
| કાર્યાલય | નાયક | શ્રી કે. આર. ચૌહાણ | આર. સી. હાઈસ્કૂલ, અમદાવાદ | – |
| કાર્યાલય | હમાલ | શ્રીમતી એલ. કે. પરમાર | પી. આર. ટ્રેનીંગ કોલેજ, અમદાવાદ | – |

# વાણિજ્ય વિભાગ સ્વતંત્ર કોલેજ તરીકે અસ્તિત્વમાં આવતાં એ કોલેજમાં બદલીથી ગયેલા સભ્યો

| વિભાગ | હોદ્દો | નામ | કયાં ગયા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| અર્થશાસ્ત્ર | આચાર્ય | શ્રી આર. ઝેડ સૈયદ | ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ | જગ્યા સાથે |
| અર્થશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રીમતી મોના એ. દેસાઈ | " | " |
| એકાઉન્ટસી એન્ડ ઓડીટીંગ | વ્યાખ્યાતા | શ્રી આર. સી. મહેતા | " | " |
| એકાઉન્ટસી | વ્યાખ્યાતા | શ્રીમતી એમ. પી. ત્રિવેદી | " | " |
| એકાઉન્ટસી | વ્યાખ્યાતા | શ્રી ડી. એમ. કક્કડ | " | " |
| એડવાન્સ એકાઉન્ટસી | વ્યાખ્યાતા | શ્રી એન. પી. ચૌહાણ | " | " |
| અંગ્રેજી | વ્યાખ્યાતા | શ્રીમતી એમ. એચ. શાહ | " | " |
| અંગ્રેજી | વ્યાખ્યાતા | શ્રીમતી કે. એસ. ભાવસાર | " | " |
| આંકડાશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રી આર. એમ. પટેલ | " | " |
| આંકડાશાસ્ત્ર | વ્યાખ્યાતા | શ્રીમતી એસ. એન. જૈન | " | " |
| કોમર્સ | વ્યાખ્યાતા | કુ. એસ. પી. શાહ | " | " |
| કોસ્ટીંગ | વ્યાખ્યાતા | શ્રીમતી જે. કે. શાહ | " | " |
| મેનેજમેન્ટ | વ્યાખ્યાતા | શ્રીમતી એમ. આર. વ્યાસ | " | " |




દાતા પરિવારનાં સભ્ય સ્વ. મોનાબહેન ઉદયનભાઈ



સ્વ. આચાર્ય

શ્રી. એસ. એસ. ભાંડારકર



સ્વ. પ્રા. શ્રી. જી. ટી. પંડ્યા

૧૦, ઓગસ્ટ ૧૯૯૩, વીર શહીદ વિનોદ કિનારીવાલાને

પુષ્પાંજલિ




માનનીય આચાર્યા
કુ. મીનાક્ષીબેન ઓઝા




માનનીય કુલપતિ
પ્રા. શ્રી. એન. વી. વસાણી




વક્તવ્ય
પ્રા. શ્રી. એન.વી. વસાણી



૧૫, ઓગસ્ટ ૧૯૯૩
સલામી ઝીલતાં
કુ. મીનાક્ષીબેન ઓઝા



૨૬, જાન્યુઆરી, ૧૯૯૪
ઉદ્‌બોધન
પ્રા. શ્રી.ડી.એ. પટેલ



શ્રદ્ધાંજલિ
સ્વ. રાજેશ પ્રજાપતિ
એસ.વાય બી. એ.

# મારી કોલેજ

નયનરમ્ય વૃક્ષોની હાર છે,
રોજે રોજ વસંતની બહાર છે.
આશાનું કિરણ ઊગે પ્રભાતમાં,
ભણતરની મજા, કોલેજ-ગુજરાતમાં.
પક્ષીઓ મીઠો કલરવ કરતાં,
સૌ કોઈ ઉલ્લાસ ઉરમાં ભરતાં,
એવું રમણીય લાગે વાતવાતમાં,
ભણતરની મજા કોલેજ-ગુજરાતમાં.
પ્રોફેસરોનો સ્વભાવ ખૂબ જ નિરાળો,
શિક્ષણનો નિત્ય થતો સરવાળો,
પૂનમનો ચંદ્ર જાણે ખીલ્યો છે જ્ઞાનમાં,
ભણતરની મજા કોલેજ - ગુજરાતમાં.
વિદ્યાર્થીઓ સૌ સંપીને ભણતા,
જીવતરનો માળો ઝીણવટથી વણતા,
સ્વપ્નાં સજાવે સૌ ભાતભાતનાં,
ભણતરની મજા કોલેજ-ગુજરાતમાં.

¤ નરેન્દ્ર શ્રીમાળી 'અસરાની'
(એસ. વાય. બી. એ.)

# કોણ પૂછે છે ?

અહીં કોણ સારાને પૂછે છે ?
અહીં કોણ બુરાને પૂછે છે ?
મતલબથી બધાને નિસ્બત છે ?
અહીં કોણ ખરાને પૂછે છે ?
અત્તરને નિચોવી કોણ પછી,
ફૂલોની દશાને પૂછે છે ?
સંજોગો ઝુકાવે છે નહિતર,
અહીં કોણ 'ખુદા'ને પૂછે છે ?

¤ બાંભા મયૂર આર. 'માતમ'
(ટી. વાય. બી. એ.)



3

# કલ્પના જગત

¤ વિકટર ફ્રિમેન
(તૃતીય વર્ષ બી. એ.)

કલ્પનાગગનમાં ઊડવું માનવીને ખૂબ જ ગમે છે, ને તેમાંય જુવાન જણને તો ખાસ. એને જેટલું કલ્પના જગતમાં ઊંચે ઊડવાનું ગમે છે, એટલું જ એને કલ્પના સાગરના અતલ તળિયે ડૂબવાનું પણ ગમે છે. એને જેટલું આ વ્યાવહારિક વાસ્તવિક જગત નથી ગમતું, એટલું કલ્પના-જગત ગમે છે; કારણકે આ વાસ્તવિક જગતમાં તો દુઃખનો દાવાનળ તેમ જ આડી અવળી કેટલીય આંટીઘૂંટીઓ પથરાઈને પડી છે જ્યારે કલ્પના જગતમાં તો ન મળે કોઈ દુઃખ-દાવાનળ કે ન મળે કોઈ જાતની આંટીઘૂંટી !

કલ્પના જગતમાં દુઃખ તો ક્યાંય ખોળ્યું ય જડતું નથી. ત્યાં તો સુખસાયબી ને નરદમ મસ્તી ભરી પડી છે. માનવી જ્યારે કલ્પનાના ઘોડે ચડે છે, ત્યારે તે પોતાનું દુઃખ સર્વ ભૂલી જાય છે. આ જગતમાં એને મનમાન્યાં સુખ આવી મળે છે; જે આ વાસ્તવિક જગતમાં ન મળે તે તમામ સુખસાહ્યબી એને કલ્પના-જગતમાં સાંપડી આવે છે. કલ્પના-જગતમાં વિહરતા માનવીને તરંગી પાંખો ફૂટે છે, અને તે દ્વારા તે ઊંચે આભ સુધી ઊડીને પરીઓના દેશમાં પણ જઈ શકે છે. તેને કોઈ રોકી શકતું નથી, ટોકી શકતું નથી; એને કોઈ સીમા નથી; કોઈ સરહદ નથી.

વળી કલ્પનામાં માનવીને જે સુખ લાધે છે, તે બીજે ક્યાંય લાધતું નથી. એ દુનિયા જ એવી છે કે જ્યાં માનવી મનચાહ્યું સુખ મેળવી શકે છે; વળી એને પ્રાપ્ત કરવા એને ઝાઝો એવો કોઈ ભોગ પણ આપવો પડતો નથી. વાસ્તવિક જગતમાં માનવી આખોય ખુવાર થઈ જાય છે, ત્યારે માંડ થોડું સુખ મળે છે, જ્યારે કલ્પનાની આ દુનિયામાં તો વગર કોઈ ભોગે કે વગર પૈસે ખોબલે ને ખોબલે સુખસાહ્યબીમાં મહાલવા મળે છે.

જુવાન માનવીને એનાં આગવાં સ્વપ્નો હોય છે. આગવાં અરમાન હોય છે. કલ્પના મઢેલી દુનિયા..... રંગીલી દુનિયા ! જુવાન જણ રાત ને દિવસ એની આગવી - વાસ્તવિક દુનિયામાં મહાલતો હોય છે, જેને આગવો રંગ હોય છે; આગવો રાગ હોય છે; આગવો અસબાબ હોય છે ને આગવો મિજાજ હોય છે. તેને અહર્નિશ સોનેરી સ્વપ્નાં આવે છે; જેને અંગ્રેજી પ્રજાએ નામ આપ્યું છે. - 'ગોલ્ડન ડ્રીમ્સ'. આ સ્વપ્નાં એના માટે; એને મન રુચતી આગવી અને અલૌકિક સૃષ્ટિ રચી આપે છે. એ સલૂણી સૃષ્ટિને તે મન ભરીને માણે છે. આ સૃષ્ટિ તેને વાસ્તવિક જગતની મઢેલી આ ધરતી પરથી ઊઠાવીને ઉપર ગગન વિશાળમાં, કહો કે અપ્સરાઓના દેશમાં વિહરવાની મોકળાશ આપે છે; સ્વર્ગનું સુખ લાવી આપે છે. જુવાન માનવીને અને કલ્પનારંગી રંગીન સૃષ્ટિને ખૂબ જ રાગ હોય છે. તેને આવી જ રંગીન કલ્પનાઓમાં રાચવું ખૂબ જ ગમે છે. એ સૃષ્ટિ જ એવી છે કે જેને

માણતાં તે ક્યારે ય ધરાતો નથી; ઊલટો વધુ ને વધુ ભૂખ્યો બનતો જાય છે.

માનવી જ્યારે કલ્પનાના અશ્વે ચડે છે ત્યારે તે આ વિશ્વ છોડીને કોઈ નવી જ દુનિયામાં મહાલે છે, એવી દુનિયા કે જેમાં કદી તેણે વાસ્તવિક સૃષ્ટિમાં દર્શન પણ ન કર્યાં હોય ! આ સૃષ્ટિ પાણીના પરપોટા જેવી અલબત્ત ક્ષણિક સુખદાયી હોય છે, છતાં તેને ખૂબ જ ગમતી હોય છે. તો આમ આવું છે - મનુષ્યનું કલ્પના જગત.

## Mama : An Epitomy of Dedication And Service.

As the golden fireball treaded on the forehead of the morning sky, casting his golden arrows on the Gandhi Hall, the main building and the Sydenham library, the silent monuments, the bell tolls announcing the approach of a living, breathing moving monument, an active witness of the history of almost half a century of the glorious Gujarat College. He is none else but Grand old man of Gujarat college with vigour and enthusiasm of a young blood : Kishan karve or the beloved and highly venerated 'Mama' of the sports personatities.

His day begins on the Hockey Field and ends there itself. At the age of 70 he still works withstanding cold, heat and rain. He works with spade and broom to keep the ground (which he loves like his own child) smooth and tidy justifying his motto "work without expectation of fruit" He manifests pratically the ideals of swami Vivekananda in developing youth physically tough intellectually sound and morally strong. After the morning session he sits solitary on the brink of the ground often ruminating over the past and speculating the modern times.

Mama, a student of Military school attached him self to Hockey there and played for the 'Blue' team of the British government. He was coached by Maj. Gen. Mannasingh, a towering personality in the world of Hockey.

Mama frequenlty led the Gujarat team but uncontended by their team's performance decided to coach the youths and therafter established a Hockey club in Shahibaug and even played a major role, in the establishment at 'Gujarat Hockey Association.'

Dr. Y.G. Nayak the then Principal of Gujarat college beseeched Mama to Join Gujarat college. Under him the college team has frequently won numerous champion ships. His selfless service to the college as well as the University and state is unmatched.

Dhyanchand the Hockey wizard too could not help himself in praising loftily Mama's service and his knack on the game.

Besides being an eminent sportsman Mama even participated in freedom movement. The famous martyr Vinod kinariwala was his Junior player.

Though Mama has some compunction and ill-will that has entered sports, his energy and love of the game has not dwindled Hockey for Mama is as important as air to life. He has been frequently honoured for his dedicated service for the National game.

Mama ends the day after the evening session of, coaching students some at whose fathers and even grand fathers were his students. Many of them are on high position in sport in government and international field of Hockey.

This simple and humble being is the one in whom we can see dedication personified. He justies the saying "I can't hear what you say but I can hear very well what you do."

The ground that has experienced him for the last 40 years, he has made and maintained pouring his blood and sweat, bids him farewell with the promise to meet tomorrow as he treads with sun casting his final glance on this Hockey ground at Gujarat college : But there is a promise.

"Tomorrow to game new and ground fresh."

**HARMIK D. VAISHNAV**
**T. Y. B. A.**

## THE LEGACY OF ANCESTORS

Today everyone is busy in the house of Rao saheb Raja Ram. They are going to start the United car (as RajaRam calls it) after a week, it could not be started before that because at least 6 days are spent in repairing and reconstruching work of the car to bring it back in shape since it was used last.

Nobody including RajaRam is sure about the origin of the car but he very well knows the glorious history of this enchanting vehicle "This car was first owned by my great grandfather Kanchanrai Girdharlal Ranchodlji" he used to begin if anyone appreciated or criticised the car It is the fourth generation that the vehicle is serving and God knows how many more it will serve. The car is composed of numerous metals and parts of various Automobile companies. Hence it is called the United car.

The engine is of Benz, the wheels are of Austin, the steering is from

ford, the seats are of Pengeant and the body structure is of chevrolet and the car is titled Rolls Royce.

There is no need of speedometer because it is useless without speed. Brakes need not be applied because even a small stone dashing with the wheel would serve as good as powerful brakes or the driver uses his foot in lieu of brakes. The head cover is made up of fine leather. The passengers sitting in front and back seats have to hold the cover above the frame because even a deep breath blowing from someone would blow away the seven decade old canepy. Person sitting besides the door to sit in an elegant manner with one leg above another, resting on the frame of the door and fingers crossed on their proud countenance, was just there to hold the door from opening. Thus the car cannot be operated by just one person, it needed a big crew.

The car is a great tourist attraction. It has been offered for purchase by many antique shops, museums, scrap buyers. It has been frequently criticised and sued by antipollution bureau for creating air and noise pollution by releasing smoke more than ten other cars and for making a loud bustle that could be heard for miles away. It was also a big research equipment for scientists since it was compassed of almost all the metals available on earth.

It is an enigma how the car works. - on diesel or petrol or kerosene - the owner himsef is not sure about it because he uses any whichever is cheaper. This offerings criticism and researches have continued since RajaRam's father was a kid.

RajaRam himself achieved a lot of fame due to this car. He has got a caboodle of news papers and magazines bearing photographs and articles about this car. The latest system in the car is its paddle facility. In case it stops on the road which it usually does after crossing five to ten miles the driver can paddle it to the destination.

There is a legend (story about such a car cannot be called a glory it should be called a legend) that once the family was travelling with a guest. The guest was unaware of the rules and regulations to be followed while in the car. He suddenly sneezed loudly inside the walking car (the car could never run, it always walked). The car went crash, the wheels came out, cover blew away, other machinery was than out of each and every part was collected in a lorry and was brought home. It was again built after a monthlong exertion.

RajaRam as a kid could never travel in the car. It remained out of order for almost 2 decades. His intense desire to drive the car made him consult an expert mechanic and after operation the whole machinary and body for several trials it was finally discovered that the fuel tank remained empty for 20 years due to leakage.

In his young days, RajaRam often drove the car with his friends walking around the car. This was a familiar sight in the city. If someone proved it to be a fast, the car had to be driven at top gear which could attain the maximum speed of 5-10 kmph. The driver even had to paddle simultaneously to mantain top speed.

Many a times it puzzled whether RajaRam was driving the car or car was driving him as if it ordered "you must pull me too, after all, I'm of your great grandpa's age."

It is said that RajaRam's grand father once participated in a race during the event, the car didnot take good speed but it took a good amount of speed when driven backwards, this is how hewon the race. Even today the car suddenly moves in reverse, it can move faster going back wards than going forward.

The recent story discussed in the town about this magnificient item is that this car is selected as a mascot for international games since it is made of various parts from many countries. Last year, it was selected in a science conference.

And finally, the car is ready for the sunday evening stroll. It will go rumbling through the important areas of the city-amidst gazes of new-cars taking it to be a prehistoric monster from whom they have descended.

RajaRam came out, threw out his chest greeting the car and looking at it with an air of pity & patronage. "There it is ok." he says. The car almost smiled back - "I'm bit of allright old chap, distinguished, efficient and even strong in the tough wheels of Austing, smooth engine of obedient steering from ford, soft seats of pegeant and that strong body of charolet. I am ok for 10 miles."

The family would zealously embark for a pleasantride in their great car a legacy of their ancestors.

**HARMIK D. VAISHNAV**
**T. Y. B. A.**

## Prof S. S. Bhandarkar, the Man

Prof. V. V. Yardi (Formerly Lecturerer in English at Gujarat College.)

I never had the privilege of being Prof. Bhandarkar's student, but I had, what seems to me the greater privilege, of being his P. A. (Personal Assistant) albeit for a short period of less than six months. This brief period between March 1958 and August 1958 proved so educative to me, socially and culturally speaking, that when I was to proceed to the U. K. in 1961 I was told I did not need to attend the Orientation Course meant for students going abroad. All that I was advised to do by one of the British Council Officers in Bombay was to glance through the *book British Customs and Good Manners* by Stim and move about confidently. With a copy of that book in one pocket and hardly any cash in the other I sailed for England in 1961. Even this journey would not have been possible but for the good offices of Prof. Bhandarkar who put in a timely word for me to expedite my papers held up in New Delhi.

Prof. Bhandarkar was then Education Member in the Indian Aid Mission to Nepal and was at Khatmandu. For some unknown reason the 'No Objection Certificate' from the Government of India which I needed urgently was being held up. My leave had been sanctioned, the Travel Grant had been awarded, my passage on a French boat had been booked. I had even said goodbye to some on my friends and relatives. The only snag was tha N. O. C. I was desperate. I took courage in both hands and wrote tremblingly to Prof. Bhandarkar at his Khatmandu address. I knew it was a silly thing to do. But I knew nobody big enough in Delhi who could have helped me out.

Within a fortnight the N. O. C. arrived followed by a gracious letter from Prof. Bhandarkar wishing me bon voyage. Later that very year he happened to visit Aurangabad as a member of the Committee to set up a University at Khatmandu. He asked my wife about my health and progress at Leeds where I was doing a Post-graduate course in English Studies.

I would be erring in drawing this portrait of the man if I gave the impression that I was one of his favourites. No, I was not. My work as P. A. was none too impressive, not initially anyway. Goodness was natural to Prof. Bhandarkar. I recall the several lapses on my part as his P. A. which he forgave with a smile.

I remember how just a week before he was to retire a certain school teacher from a distant village had travelled all the way down to Pune to


